સમરી ૮૮૨/૨૦૨૫

**<u>આંક–૧ તળે હુકમ</u>**

૧. સદર કામે તપાસ કરનાર ડો. રોશની પી.સોલંકી, મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી એસ સી એસ ટી સેલ, અમદાવાદનાઓએ તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૧૯૧૦૨૦૨૫૦૧૭૮/૨૦૨૫ ના કામે ફરિયાદી/ભોગ બનનારનાએ દાખલ કરેલ ફરિયાદના કામે આરોપી નં.૬ ધાધુલ ગુલાબ નાઓ માટે ''સી'' સમરી દાખલ કરી જણાવેલ છે કે, આ કામના ફરિયાદી/ભોગ બનનારનાએ આરોપી નં.૧ થી ૬ નાઓ તેઓની સાથે જમીન ખરીદવાના બહાને એક કરોડ પચ્ચીસ લાખ રોકડા અને પંચોતેર લાખના દાગીના લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય જે બદલ ફરિયાદ દાખલ થયેલ.

૨. આ કામે આરોપીઓની તપાસ કરતા મળી આવેલ નહી, પરંતુ આરોપી જેનાબેન જીતેન્દ્રભાઈ દેવમોરારી, સાગર રાજેન્દ્રભાઈ જોષી, ઉષાબેન રાજેન્દ્રભાઈ જોષીનાઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આગોતરા જામીન આપવામાં આવેલ, જયારે આરોપી નં. ૬ ધાધુલ ગુલાબની તપાસ કરતા તે કોઈ પુરુષ વ્યકિત નહી, પરંતુ મહિલા જણાઈ આવેલ અને આરોપી નં.૧ નાએ ફરિયાદીને કોઈ પુરુષ દલાલની સાથે પરિચય કરાવેલ હતો અને આરોપી નં.૧ નાએ સદર ગુલાબબેન વિક્રમભાઈ ધાધુલ, રહે. ચાંદખેડા, પોલીસ લાઈનનાઓના નામની ખોટી માહિતી ફરિયાદીને આપેલ હોવાનું જણાઈ આવેલ છે, ખરેખર આરોપી નં.૧ નાએ ફરિયાદમાં જણાવેલ ગુલાબબેન વિક્રમભાઈ ધાધુલ પાસેથી સસ્તા મકાન અપાવવાના બહાને આરોપી નં.૧ નાએ રૂપિયા બે લાખ છન્નુ હજાર તથા આરોપી નં.૩ ને રૂપિયા બે લાખ ચાળીસ હજાર, આરોપી નં.૫, ઉષાબેનને રૂપિયા સાઠ હજાર, આરોપી નં.૨, જેનાબેનને રૂપિયા ચાળીસ હજાર મળી કુલ રૂપિયા છ લાખ છત્રીસ હજાર ટ્રાન્સફર કરાવેલ, જેની અવેજીમાં આરોપી નં.૧ મિહીરનાએ ગુલાબબેન વિક્રમભાઈ ધાધુલને રૂપિયા ઓગણીસ હજાર આંઠસો ઓનલાઈન પરત કરેલ અને બાકીની રકમમાંથી નિહીરનાએ ફરિયાદી પાસેથી રૂપિયા ત્રણ લાખ ચોરાણું હજાર પાંચસો ગુલાબબેન વિક્રમભાઈ ધાધુલના એકાઉન્ટમાં જમા કરાવેલ, આમ આરોપી નં.૧,૨,૩,૫ નાઓએ પોતાને ગુલાબબેન ધાધુલને આપવાના થતા નાણાં આ કામના આરોપી નં.૧ નિહીરનાઓએ ફરિયાદી સાથે ફોન ઉપર વાત કરેલ

કે, તારી સાથે જમીન દલાલની મુલાકાત કરાવેલ તે દલાલનું નામ ધધાધોલ ગુલાબ છે અને હું તેનો બેન્ક એકાઉન્ટ નંબર મોકલું છું તેવી માહિતી ફરિયાદી પાસે ઓનલાઈન નાણાં રૂપિયા ત્રણ લાખ ચોરાણું હજાર **ગુલાબબેન વિક્રમભાઈ ધાધુલના બેન્કના ખાતામાં જમા કરાવેલ** હોવાથી ફરિયાદીએ દલાલ પુરુષ ઈસમ સમજી ફરિયાદમાં ધાધુલ ગુલાબનું નામ લખાવેલ છે, જે બાબતે ફરિયાદીનું તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ નિવેદન મેળવતા તેઓ પોતાના નિવેદનમાં જણાવે છે કે, ''હું મહાષ્ટ્ર ધુલે ખાતે હતી તે વખતે નિહીરે મને ફોન કરી જણાવેલ કે, જમીન દલાલ ધાધલ ગુલાબનાઓને આપણે પૈસા આપવાના છે તેવું જણાવી મને ધાધલ ગુલાબનું બેન્ક એકાઉન્ટ નં. ૯૧૫૦૧૦૦૬૨૭૪૦૨૬૧ આપેલ અને આ એકાઉન્ટમાં રૂપિયા પાંચ લાખ જમા કરવાનું જણાવેલ, જેથી તે એકાઉન્ટમાં પ્રથમ રૂપિયા એક લાખ ત્યારબાદ રૂપિયા એક લાખ, ત્યારબાદ રૂપિયા એક લાખ, ત્યારબાદ રૂપિયા ચોરાણું હજાર પાંચસો મળી કુલ રૂપિયા ત્રણ લાખ ચોરાણું હજાર પાંચસો રોકડા જમા કરાવેલ, જેથી મેં ફરિયાદમાં ધાંધલ ગુલાબનું આરોપી તરીકે નામ લખાવેલ, પરંતુ આપ સાહેબે તપાસ કરતા સદર એકાઉન્ટ ધારકનું નામ ગુલાબબેન ડો.ઓ. વિક્રમભાઇ ધાંધલ, રહે. મ.નં.બી/૨-૧૨૦૪, ચાંદખેડા, પોલીસ લાઇન, ચાંદખેડા પોલીસ સ્ટેશનની પાછળ, અમદાવાદ શહેર, મુળ વતન- ગામ - નાગડકા, તા-સાયલા, જી. સુરેન્દ્રનગરનું જાણવા મળેલ છે. આ ગુલાબબેનને હું કયારેય મળેલ નથી કે કયારેય તેઓ સાથે મારે વાત પણ થયેલ નથી, પરંતુ નિહીરના કહેવાથી મેં તે એકાઉન્ટમાં નાણા જમા કરાવેલ છે તે ખરેખર આરોપી નથી. આરોપી કોઇ પુરુષ વ્યકિત છે'' તેવી હકીકત જણાવી મદદનીશ પોલીસ કમીશ્નરનાઓએ અત્રેની કોર્ટ સમક્ષ''સી'' સમરી દાખલ કરી અને આરોપી સામે તે ''સી'' સમરી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૩.** આ ''સી'' સમરી દાખલ થતાં મુળ ફરિયાદીને નોટીસ કાઢી હાજર રાખવા માટે તેઓએ આંક-૬ થી પોતાના વાંધા રજુ કરેલ છે જેમાં તેઓએ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, ''ત.ક.અમલદાર દ્વારા ફાઇલ કરાયેલ રીપોર્ટ મુજબ આરોપી નં.૬ ગુલાબબેન ધાધુલને પણ આરોપી નં.૧ નિહીરે સસ્તા ભાવે મકાન અપાવવાની લાલચ આપી તેમની પાસેથી રૂપિયા છ લાખ છત્રીસ હજાર લીધેલ છે અને તેની અવેજમાં આરોપી નં.૧ નિહીર જોષીનાઓએ અમો ફરિયાદી પાસેથી રૂપિયા ત્રણ લાખ ચોરાણું હજાર

પાંચસો પુરા આરોપી નં.૬ ગુલાબબેન ધાધુલના એકાઉન્ટમાં જમા કરાવેલ તેવી કથિત સ્ટોરી ઉભી કરેલ છે તેવું અમો ફરિયાદીનું નમ્રપણે માનવું છે જે એક તપાસનો વિષય છે, પરંતુ હજુ સુધી આરોપી નં.૧ નિહીર જોષી મળી આવેલ ન હોઇ કોઇ તારણ પર જઇ શકાય નહી જેથી સદર અહેવાલ નામંજુર કરવા અરજ કરેલ છે.

૪. સમરીના સમર્થનમાં ગુલાબબેન ધાધુલના વિ.વકીલશ્રી કે.વી.નાયક દ્વારા આંક–૧૭ થી રજુઆત કરવામાં આવેલ છે અને તેઓ જણાવે છે કે, ફરિયાદીશ્રીએ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ પોતાના નિવેદનમાં જણાવેલ છે કે, જે એકાઉન્ટમાં ફરિયાદીએ પૈસા કરાવેલ તે એકાઉન્ટ ધારકનું નામ ગુલાબબેન વિક્રમભાઇ ધાંધલ છે, આ ગુલાબબેનને તેઓ કયારેય મળ્યા નથી અને જે એકાઉન્ટમાં આરોપી નં.૧ નિહીરના કહેવાથી પૈસા જમા કરાવેલ તે કોઇ પુરુષ વ્યકિત છે તે બાબતનું નિવેદન તપાસ કરનાર રુબરુ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ આપેલ છે જે નિવેદન આ કામે સમરી સાથે રજુ છે, જે ધ્યાને લેતાં, હાલની સમરી મંજુર કરવા અરજ કરેલ છે.

૫. બન્ને પક્ષોની રજુઆત સાંભળી તથા રજુ થયેલ રેકર્ડ વંચાણે લીધું, રેકર્ડ જોતા જણાય છે કે, ત.ક.અમલદારે સમરીના સમર્થનમાં જે દસ્તાવેજો રજુ કરેલ છે તેમાં સૌપ્રથમ ફરિયાદીએ તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ આપેલ ફરિયાદ, ત્યારપછી ફરિયાદીનું તા.૨૦/૦૫/૨૦૨૫ નું નિવેદન, ત્યારબાદ તા.૨૧/૦૪/૨૦૨૫ નું નિવેદન, ત્યારપછી તા.૨૩/૦૪/૨૦૨૫ નું નિવેદન અને છેલ્લે તા.૩૧/૦૭/૨૦૨૫ નું નિવેદન રજુ કરેલ છે. આ તમામ નિવેદનોમાં માત્ર તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજના નિવેદનમાં ભોગ બનનાર/ફરિયાદી એવું લખાવેલ હોવાનું ત.ક.અમલદાર જણાવે છે કે, આરોપી કોઇ પુરુષ વ્યકિત હતા, ગુલાબબેન ન હતા, પરંતુ તે સાથે એ હકીકત પણ ત.ક.અમલદારે રજુ કરેલ ''સી'' સમરીમાં લખેલ હકીકત તથા તા.૩૧/૦૭/૨૦૨૫ ના નિવેદન પરથી રેકર્ડ પર આવેલ છે કે, ગુલાબબેનના બેન્ક એકાઉન્ટમાં ભોગ બનનાર દ્વારા પૈસા મોકલવામાં આવેલા. આ હકીકત જોતાં, ગુલાબબેન ગુનામાં સંડોવાયેલ છે કે કેમ તે હકીકત માત્ર અને માત્ર પુરાવો લીધા બાદ નકકી થઇ શકે. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં માત્ર ''**ગુલાબ ધાંધલ**'' એવા શબ્દો લખાવેલ છે. આ વ્યકિત સ્ત્રી કે પુરુષ કોઇપણ હોઇ શકે, પરંતુ ગુલાબબેન ધાંધલના એકાઉન્ટમાં ફરિયાદી દ્વારા અમુક રકમ આપવામાં

આવેલ છે તે બાબત ત.ક.અમલદારે પોતે જણાવેલ છે, ત.ક.અમલદારે તપાસના કામે લીધેલ નિવેદનો માત્ર જે તે પક્ષકારની જુબાની વખતે સમર્થનકારી કે વિરોધાભાસી પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય. તે સિવાય અન્ય કોઇ ઉપયોગ માટે તેવા નિવેદન ધ્યાને લઇ શકાય નહી. ફરિયાદીએ જયારે કોર્ટ રુબરુ આવીને એવું જણાવેલ છે કે, તપાસ કરનારે રજુ કરેલ દસ્તાવેજોમાં આરોપીના તા.૦૮/૦૭/૨૦૨૫ ના રોજના નિવેદન ધ્યાને લેતા પણ હાલના આરોપીના એકાઉન્ટમાં ફરિયાદીના એકાઉન્ટમાં અમુક રકમ જમા કરવામાં આવેલ છે અને ત.ક.અમલદાર દ્વારા ''સી'' સમરીના રીપોર્ટમાં પણ એવી હકીકત જણાવતા હોય કે, આરોપી ગુલાબબેન ધાંધલના એકાઉન્ટમાં ફરિયાદી દ્વારા અમુક રકમ જમા કરાવવામાં આવેલ ત્યારે આ રકમ કોઇ છેતરપીંડીનો ભાગ હતી કે કેમ ? તે હકીકત માત્ર પુરાવો લીધા બાદ જ નકકી થઇ શકે તે પહેલા આરોપી વિરુદ્ધ કોઇ ગુનો બનતો નથી તેમ કહીને ''સી'' સમરી મંજુર કરી શકાય નહી તેવું અત્રેની કોર્ટનું માનવું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

૧. હાલની ''સી'' સમરી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૧, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
MEHTA BINDUBEN S
on 12/08/2026 16:42:52 IST.

| | |
|---|---|
| તારીખ–૧૧/૦૮/૨૦૨૬<br>સ્થળ–અમદાવાદ.<br>સ્ટેનો – જે.એચ.દવે. | (બી.એસ.મહેતા પુર્વે બી.જી.અવસ્થી)<br>સાતમા એડીશ્નલ સેશન્સ જજ<br>અમદાવાદ(રુરલ),નવરંગપુરા<br>જી.જે.૦૦૮૧૦ |